# પાલનપુરમાં મુખ્યમંત્રીના હસ્તે પાસપોર્ટ કાર્યાલયનો શુભારંભ

## બનાસકાંઠામાં મહીને ૩૦૦૦થી વધુ નાગરિકો કરે છે પાસપોર્ટ માટે અરજી

સરહદી બનાસકાંઠ જીલ્લાનું મુખ્ય મથક પાલનપુરમાં આવેલ મુખ્ય પોસ્ટ ઓફીસમાં આજથી પાસપોર્ટ કાર્યાલય નું શુભારંભ મુખ્ય મંત્રી વિજય રૂપાણી ના હસ્તે કરવામાં આવ્યો છે જીલ્લા માં રોજ ના ૧૦૦ નાગરિકો વિદેશ જવા માટે પાસપોર્ટ માટેની અરજી કરે છે એટલે માસિક ૩૦૦૦ થી વધુ નાગરિકો બનાસકાંઠ જીલ્લા માંથી વિદેશ જવા માટે પાસપોર્ટ અરજી કરે છે જો કે હવે પાસપોર્ટ માટે અમદવાદ જવું ના પડે તે માટે કેન્દ્રીય રાજ્ય મંત્રી હરિભાઈ ચૌધરી ના પ્રયત્નો થી ભારત સરકાર એ પાસપોર્ટ કાર્યાલય માટે બનાસકાંઠા જીલ્લા ની પસંદગી કરી હતી જેનું શુભારંભ આજે મુખ્યમંત્રી વિજય રૂપાણી એ રીબીન કાપી પાસપોર્ટ કાર્યાલય ને ખુલ્લું મુક્યું છે ભારત સરકાર દ્વારા રાજય માં દાહોદ ,કચ્છ અને બનાસકાંઠા જીલ્લા માં પાસપોર્ટ કાર્યાલય કાર્યરત કરવાની જાહેરાત કરી હતી જેમાં પ્રથમ જીલ્લા મથક



પાલનપુર થી આરંભ કરવામાં આવ્યો છેબનાસકાંઠા જીલ્લામાં મુસ્લિમ બિરાદરો મોટી સંખ્યા માં હજજ ને ઉમરા કરવા મક્કા જતા હોય છે ત્યારે પાસપોર્ટ મેળવવા અમદાવાદ સુધી જવું પડતું હતું તેમજ સમગ્ર જીલ્લા માંથી માસિક ૩૦૦૦ થી વધુ નાગરિકો ની પાસપોર્ટ ની અરજી થતી હતી જો કે ભારત સરકાર ના મંત્રી અને જીલ્લા સાંસદ હરિભાઈ ચૌધરી ની રજૂઆત ની ગંભીરતા લઈ ભારત સરકારે બનાસકાંઠા જીલ્લા માં પાસપોર્ટ કાર્યાલય ને લીલી ઝંડી આપ્યા બાદ વિદેશ જવા ઈચ્છતા નાગરિકો ને કોઈ હેરાનગતિ વગર જીલ્લા વાસીઓને આજથી ઘર આગણે હવે પાસપોર્ટ સેવા પ્રાપ્ત થઈ છેસભા ને સંબોધતા મુખ્યમંત્રી વિજય રૂપાણી એ કહ્યું હતું કે આગામી વિધાનસભા ના ગૌ હત્યા માટે નવું વિધાયક પસાર કરવા જઈ રહ્યા છીએ તેમજ રાત્રી સમય માં થતી પશુ ની હેરાફરી અને ગૌ માંસ લઈ જનારા માટે ગુજરત સરકાર ૧૦ વર્ષ ની કેદ ને બિન જમીન પત્ર કડક કાયદો બનાવશે મુખ્ય મંત્રી વિજય રૂપાણી એ કહ્યું હતું ખાનગી શાળા ઓમાં દર વર્ષે ફી વધારો કરી શાળા માં અભ્યાસ કરતા વિધાર્થીઓ પાસે ખુબ જ વધારે ફી વસુલ કરવામાં આવે છે આવી શાળાઓ એ શૈક્ષણિક ફી નો હિસાબ સરકાર ને આપ્યો પડશે તેમજ ખાનગી શાળા દ્વારા લેવા માં આવતી વધારે ફી ને નિયત્રણ લાવા માટે આગામી બે દિવસ વિધાનસભા માં કડક કાયદો પસાર કરવમાં આવશે.



## વણઝર પ્રાથમિક શાળામાં આજે ચોથા દિવસે પણ એક પણ બાળક શાળા તરફ ફરક્યું નહી

ભિલોડા તાલુકાની વણઝર ગામની વણઝર પ્રાથમીક શાળામાં આજે ચોથા દિવસે પણ એક પણ બાળક શાળા તરફ ફરક્યું નહી. શાળાનું મેદાન બાળકોના કલરવ વગર સુમસામ ભાસતુ નજરે પડે છે. આજે ચોથા દિવસ પણ વાલીઓ ઠસના મસ થવા તૈયાર નથી.અત્રે ઉલ્લેખનીય છે કે શિક્ષક દંપતી કિરણભાઈ ડી.પરમાર, મિનાક્ષીબેન કે. પરમારના બદલીના ઓર્ડર સ્થગીત ના કરાતાં તેના વિરોધમાં છેલ્લા ચાર દિવસથી વાલીઓ ધ્વારા બાળકોને શાળામાં ના મોકલતાં બાળકો વગર શાળા સુમસામ ભાસી રહી છે. વાલીઓ અને વહીવટી તંત્ર વચ્ચે કોઈ સમાધાનની બારી ન ખુલતાં આજે તો બાળકો શિક્ષણથી વંચીત બન્યા છે. આ કોકડું ક્યારે ઉકેલાશે અને બાઈકો ક્યારે સ્કુલે જશે તે તો આવનાર દિવસો જ કહેશે.

# ભિલોડા પાસેના લીલછા રોડ પરની ગ્રેનાઈટ ક્વોરીમાં બિનઅધિકૃત ખોદકામ સામે રજુઆત

ભિલોડા,તા.૨૮

ભિલોડા તાલુકાની ખલવાડ ગ્રામ પંચાયતની સીમમાં આવેલ લીલછા રોડ પરની ગ્રેનાઈટ ક્વોરીમાં લીઝ મુદત પુર્ણ થયેલ હોવા છતાં સરકારની સંપત્તીમાં સબ ભુમી ગોપાલ કી ચલાવતા લેભાગુઓમાં ફફડાટ વ્યાપ્યો છે.

લીલછા ગ્રેનાઈટ ક્વોરીની વિગત એવી છે કે ભિલોડા તાલુકાના છતાં જમીનમાં ખોદકામ ચાલું રખાતું હતું અને લીઝ સિવાયની ખરાબાની વધારાની જમીનનો ઉપયોગ ક્વોરી માલીક ધ્વારા કરાતો હતો અને તેના દર વર્ષે રૂા.૫૧,૦૦૦/- લેખે છેલ્લા વગે થતો હતો તેનો પણ કોઈ રેકર્ડ ન હતો.લીઝ સિવાયની ખરાબાની જમીનમાં વધારાની જમીનમાં પણ જાણવા મળ્યું છે વેસ્ટેઝ પથ્થરો,માટીના ૨૦ થી ૨૫ ડમ્પર





બિનઅધિકૃત ગ્રેનાઈટની ક્વોરી ધમધમી રહી હતી. જે અંગે ભિલોડા મામતલાદરને રજુઆતો મળતાં ભિલોડા મામલતદાર ધ્વારા એકા-એક ક્વોરીની મુલાકાત લેતાં કોન્ટ્રાક્ટર પાસે ક્વોરીની લીઝની મુદત પુર્ણ થઈ ગયેલ હતી પરંતુ કાયદાની ઐસી-તૈસી કરી ક્વોરીમાંથી ખોદકામ શરૂ રાખતું હતું. જે અંગે મામલતદાર જી.કે.પટેલ ધ્વારા ક્વોરીનું પંચનામુ કરી અરવલ્લી જીલ્લા કલેકટરને માહિતી મોકલી આગળની કાર્યવાહી હાથ ધરાતાં ખલવાડ ગ્રામ પંચાયતના સર્વે નંબર.૧૬ ની જમીનમાં ૧.૦૪.૯૪ હેક્ટર આરે.ચો.મી. લીલછા રોડ પર ગ્રેનાઈટની ક્વોરી આવેલ છે. તેના માલીક ધ્વારા ભુસ્તર વિજ્ઞાન અને ખનીજ ખાતુ ગાંધીનગર ધ્વારા હુકમ નંબર. સી.જી.એમ./ લીઝ/ ક્યુ.એલ./૨૨૩/૯૦૪૯ તા.૧૨/ ૯/૨૦૧૧ ના આધારે પંચાલ દિનેશકુમાર પુંજીરામને ૨૦ વર્ષની મુદતે ભાડે પટ્ટે ગ્રેનાઈટની લીઝ મંજુર કરેલ હતી તેમ છતાં માલીક ધ્વારા લીઝની મુદત પુર્ણ થઈ હોવા ૪ વર્ષની રકમ રૂા.૨,૦૪,૦૦૦/- પુર્વ સરપંચ ખલવાડ ગ્રામ પંચાયત માલીક ધ્વારા ચુકવણી કરાતી હતી છતાં આવું ગેરકાયદેસર કામ સરપંચ અને ક્વોરી માલીકની મેળાપથી થતું હોવાનું જાણવા મળેલ છે.

ભિલોડા મામલતદારએ ક્વોરીની મુલાકાત લઈ રેકર્ડ તપાસતાં ક્વોરી માલીક પાસે આવો કોઈ રેકર્ડ મળ્યો ન હતો. વજન કાંટા અને પરમીટ પણ આપવામાં આવતા ન હતા. ગેરકાયદેસર ચાલતી ક્વોરીમાં કેટલો માલ બારોબાર સગે-અન્ય સરકારી જમીનમાં નાખીને તેનો ગેરકાયદેર ઉપયોગ કરાતો હતો. લીઝના ભાડાપટ્ટાની મુદત તા.૩૧/૧૨/૧૬ સુધી પુર્ણ થયેલ હોવા છતાં બેફામ, બિન્દાસ્ત ક્વોરીમાંથી માલીક ધ્વારા ખોદકામ કરાઈ રહ્યું હતું. જેના લીધે મામલતદાર, તેમની ટીમે ક્વોરીની મુલાકત લઈ ઘટતી કાર્યાવાહી કરી પંચનામુ કરી તમામ માહિતી અરવલ્લી જીલ્લા કલેકટરને વધુ તપાસ અર્થે મોકલી આપવામાં આવી છે.

## મેઘરજમાં સગીરાની છેડતી કરાતા યુવક સામે પોક્સોનો ગુનો દાખલ

મેઘરજ, તા. ૨૮

અરવલ્લી જિલ્લાના મેઘરજ નગરમાં ૧૫ વર્ષીય સગીરાને લઘુમતી કોમના યુવકે શારીરિક છેડતી કરી સગીરાના પરિવારજનોને જાનથી મારી નાખવાની ધમકી આપતા છોકરીના પિતાએ યુવક સામે છેડતી અને પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધાવતા ચકચાર મચી જવા પામી છે.

મેઘરજના સોહેબ અનિષ મકરાણી દ્વારા સગીરાને વારંવાર શારીરિક છેડતી કરાતી હોવાની જાણ બે માસ અગાઉ સગીરાએ તેના પરિવારજનોને જણાવી હતી. અને ત્યાર બાદ સગીરાના પરિવારજનોએ યુવકને તેમની છોકરીની છેડતી ના કરવા સમજાવેલો પરંતુ તે સમજ્યો ન હતો અને સગીરા ભણવા કે બજારમાં જાય તો પણ આ યુવક સગીરાને છેડતી કરતો હતો. અને રવિવારના રોજ બપોરે ત્રણેક વાગે સોહેબ મકરાણી સગીરાના ઘરે જઈ સગીરાના કાકાની ફેંટ પકડી હુ તમારી ભત્રીજા સાથે પ્રેમ સબંધ બાંધવાનો છુ અને તેની છેડતી પણ કરીશ અને તમો જો મને કોઈ પણ કહેશો તો હુ તમોને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપતો હતો.

# વિજય વિશ્વાસ સંમેલનમાં અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાંથી ભાજપના કાર્યકરો ઉમટી પડશે

મોડાસા, તા. ૨૮

ગુજરાત પ્રદેશ ભાજપના બે મહામંત્રીઓની ઉપસ્થિતિમાં યોજાયેલી બેઠકમાં આગામી ૨૯મી માર્ચે અમદાવાદ રિવર ફ્રન્ટ ખાતે રાષ્ટ્રીય પ્રમુખ અમિતભાઈ શાહની ઉપસ્થિતિમાં યોજાનાર વિજય વિશ્વાસ સંમેલનમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાઓમાંથી મોટી સંખ્યામાં કાર્યકર્તાઓને લાવવા અનુરોધ કરાયો હતો.

આ બેઠકમાં પ્રદેશ મહામંત્રી ભીખુભાઈ દલસાણીયાએ સરકારે કરેલા વિવિધ કામોનું ભાથુ લઈ લોકો વચ્ચ જવા અનુરોધ કરી ઉત્તરપ્રદેશમાં જે રીતે અમિતભાઈની ટિમ સરકાર અને સંગઠનના બળથી જે રીતે ભવ્ય વિજય મેળવ્યો તે રીતે આપણી ગુજરાત સરકાર અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર જે કામો કરી રહી છે તે આપણું ભાથું છે. આપણે આવનારી વિધાનસભાની ચૂંટણીઓ જીતીશુ.

જેમાં કાર્યકરોની સક્રિય ભૂમિકા જ આવશ્યક છે જે તમે ઉત્સાહભેર કામે લાગી કરી જ બતાવશો તેવો વિશ્વાસ છે.

જ્યારે છેક ગામેગામના બુથ લેવલથી માંડી સહુ હોદ્દેદારો, કાર્યકરોને વિજય વિશ્વાસ સંમેલનમાં જોડાવા પ્રદેશ મહામંત્રી કે.સી. પટેલે જણાવ્યું હતું. આ બેઠકમાં પ્રદેશ મીડિયા સેલના કન્વીનર અને સાબરકાંઠા જિલ્લાના વાલી પ્રભારી ડૉ. હર્ષદભાઈ પટેલ, પ્રદેશ ઉપપ્રમુખ જયસિંહ ચૌહાણ, સાંસદ દીપસિંહ રાઠોડ પણ ઉપસ્થિત રહ્યા હતા.

બેઉ જિલ્લાના સંગઠન પ્રભારીઓ અશોકભાઈ ભાવસાર અને હર્ષદભાઈ ગોસ્વામી, બેઉ જિલ્લાના ભાજપ પ્રમુખો જે.ડી. પટેલ અને રણવીરસિંહ ડાભી, જિલ્લા ઉપપ્રમુખ વિજયભાઈ પંડ્યા, અરવલ્લી જિલ્લા ભાજપ મહામંત્રી શામળભાઈ પટેલ, સાબરકાંઠા જિલ્લા મહામંત્રી અશોકભાઈ જોશી સહિત બેઉ જિલ્લાના કાર્યકરો, મોરચાના પ્રમુખો અને અપેક્ષિત કાર્યકરો ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા મહામંત્રીઓ, મોરચાના પ્રમુખો સહિત ખૂબ મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ખાણ ખનીજ તંત્રની રહેમ નજર રાત-દિવસ બેરોકટોક ખનીજ ચોરી

## તાજપુર પાસેથી બે ટ્રેક્ટર અને એક ટ્રક બીનઅધિકૃત રેતી ભરેલી ઝડપી પાડી

પ્રાંતિજ, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના સીતવાડા સાબરમતી નદીમાંથી બિનઅધિકૃત રેતી ભરેલ





બે ટ્રેક્ટર અને એક ટ્રક પ્રાંતિજ મામલતદારે પકડી પાડી.

છેલ્લા કેટલાય સમયથી પ્રાંતિજના સીતવાડા પાસે રાત-દિવસ બીનઅધિકૃત રીતે ખોદકામ કરી રેતી માફીયાઓ દ્વારા રેતી ચોરી કરતા હોવાનું અવારનવાર ગ્રામજનો દ્વારા પ્રાંતિજ મામલતદાર કચેરીએ તથા ખાણ ખનીજ વિભાગમાં લેખિત તથા રૂબરૂમાં જાણ કરવા છતાં ખાણ ખનીજ તંત્ર દ્વારા કોઈપણ પ્રકારની કાર્યવાહી હાથ ધરવામાં આવી ન હતી. ત્યારે પ્રાંતિજ ખાતે ચાર્જમાં રહેલ મામલતદાર પી.કે. દત્ત દ્વારા ગ્રામજનોની વારેઘડીએ રજુઆતને લઈને સીતવાડા દોડી આવ્યા હતા અને નદીના પટમાંથી બીનઅધિકૃત પાસ પરમીટ વગર રેતી ભરેલ બે ટ્રેક્ટર અને એક ટ્રક પ્રાંતિજ મામલતદાર દ્વારા ઓચિંતી રેડ કરતા સાંજના સમયે મળી આવતા પકડીને પોલીસ સ્ટેશનમાં મોકલી આપવામાં આવ્યા હતા. ત્યારે ખનીજચોરી કરતા રેતી માફિયાઓ સહિત ખનીજ ચોરોમાં ફફડાટ વ્યાપ્યો હતો. જ્યારે ખરેખર જેની જવાહદારી છે તે ખાણ ખનીજ તંત્ર હપ્તાની લ્હાયમાં આંખ આડા કાન કરી બધુ નરી આંખે નિહાળી રહ્યું છે અને સરકારની તિજોરીઓ ભરવાને બદલે પોતાની તિજોરીઓ ભરવાની રાહ ઉઠવા પામી છે. ત્યારે સત્વરે કાર્યવાહી નહી કરવામાં આવે તો આવનારા દિવસોમાં ગ્રામજનો ઉગ્ર આંદોલન કરે તો નવાઈ નહી.



## ચૈત્રી નવરાત્રીનું ઘટ સ્થાપન કરવામાં આવ્યું

ખેડબ્રહ્માના અંબિકા માતાજી મંદિર ખાતે મંગળવારના રોજ ચૈત્રી નવરાત્રીની શરૂઆત થતી હોઈ સવારે ઘટ સ્થાપન કરવામાં આવ્યું હતુ. ખેડબ્રહ્માના અંબિકા માતાજી મંદિરમાં પૂજારી દશરથભાઈ, ભદ્રેશભાઈ દ્વારા શાસ્ત્રોક્ત વિધિ અનુસાર ઘટ સ્થાપન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંદિરના મેનેજર, ટ્રસ્ટીઓ તથા માઈ ભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ખેડબ્રહ્મામાં રામેશ્વર સોસાયટીમાં તસ્કરોએ પુનઃ હાજરી પુરાવી

ખેડબ્રહ્મા, તા. ૨૮

ખેડબ્રહ્મામાં રામેશ્વર સોસાયટીમાં શનિવારે રાત્રે તસ્કરોએ ચોરીને અંજામ આપ્યા બાદ સોમવારે રાત્રે એક મકાનના દરવાજા ખખડાવી ભયનો માહોલ ઉભો કર્યો હતો. મકાન માલીક તથા અન્ય રહીશો જાગી જતા અને પોલીસને જાણ કર્યા પછી બે ગાડી આવી જતા તસ્કરોએ વીલા મોઢે ભાગવુ પડ્યુ હતુ.

ખેડબ્રહ્મામાં હરણાવ નદીના કિનારે આવેલ રામેશ્વર સોસાયટીના રહીશ નિવૃત્ત તલાટી રતીલાલ કે. દાવડાના બંધ મકાનને શનિવારે રાત્રે નિશાન બનાવી તસ્કરોએ ચોરીને અંજામ આપી પલાયન થઈ ગયા હતા. દરમિયાન સોમવારે રાત્રે તસ્કરોએ રામેશ્વર સોસાયટીમાં હાજરી પુરાવી હતી અને અનીલભાઈ તરારના મકાનનો દરવાજો તોડવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. દરવાજો ત્રણ-ચાર વખત ખખડાવ્યો હતો. પણ ઈન્ટરલોક હોવાથી દરવાજો તુટ્યો ન હતો. દરમિયાન મકાન માલિક જાગી ગયા હતા. ઘરના બંને માળની લાઈટો ચાલુ કરી દઈ બુમાબુમ કરતા રહીશો જાગી ગયા હતા. જેમાં વિક્રમભાઈ વાઘેલા, જવરીલાલ પ્રજાપતિ, રતીલાલ દાવડા, ધર્મીચંદ પ્રજાપતિ સહીત બધાજ રહીશો બહાર આવી ગયા હતા અને પોલીસને જાણ કરવામાં આવતા પોલીસની બે ગાડી તાબડતોબ સોસાયટીમાં ધસી આવી હતી. ભારે હોબાળો અને પોલીસની હાજરી જોઈ તસ્કરો હરણાવ નદીમાં ઉતરી ભાગી છુટ્યા હતા. પોલીસે તસ્કરોનો પીછો કર્યો હતો પણ તસ્કરો પલાયન થવામાં સફળ રહ્યા હતા.

# મોડાસાની તત્વ કોલેજ, આઈટીઆઈ ખડગપુર પહોંચી





મોડાસા, તા. ૨૮

ભારત રાષ્ટ્રની પ્રતિષ્ઠિત ઈજનેરી સંસ્થાઓમાંની અગ્રગણ્ય એક એવી આઈઆઈટી, ખડગપુર (પશ્ચિમ બંગાળ) ખાતે તાજેતરમાં 'કોક્રીટ રોડ : એનાલીસીસ, ડિઝાઈન ઈન અને ઈવાલ્યુએશન' વિષય પર ત્રિ-દિવસીય શોર્ટ-ટર્મ કોર્સનું આયોજન થયું હતું. જેમાં અરવલ્લી જિલ્લાની પ્રસિદ્ધ એવી તત્વ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજિકલ સ્ટડીઝ, મોડાસાના એમ.ઈ. સિવિલ - ટ્રાન્સપોર્ટેશન સાત વિદ્યાર્થીઓએ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે નામના મેળવેલ અધ્યાપકો દ્વારા આ તાલીમ કોર્ષમાં ભાગ લઈ મહત્વની જાણકારી મેળવી હતી.

આખા ભારતમાંથી માત્ર ૫૦ જેટલી વ્યક્તિઓની હાજરીમાં તત્વ કોલેજના આ સાત વિદ્યાર્થીઓની હાજરીને આઈઆઈટી, ખડગપુર દ્વારા પણ બિરદાવવામાં આવી તે બદલ તત્વ પરિવાર ગૌરવ અનુભવ કરે છે. તથા સર્વે ટ્રસ્ટીઓ, કેમ્પસ ડાયરેક્ટર તથા પ્રિન્સિપાલ તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવેલ.

# મોડાસા ભાવસાર સમાજ દ્વારા હિંગળાજ માતાજીની જન્મજયંતિ કાર્યક્રમ ઉજવાયો

મોડાસા, તા. ૨૮

મોડાસા નગરમાં ભાવસાર સમાજ આયોજીત હિંગળાજ માતાજીની જન્મજયંતિ મહોત્સવ ઓધારી મંદિર ખાતે ભવ્ય રીતે ઉજવાઈ ગયો.

ઓધારી મંદિર ખાતે આ નિમિત્તે હિંગળાજ મહિલામંડળ દ્વારા આનંદના ગરબાનું સુંદર આયોજન કરવામાં આવેલ. તેમજ સમૂહ આરતી અને માતાજી જન્મ જયંતિ નિમિત્તે કેક કાપી બર્થડેની ભવ્ય ઉજવણી કરવામાં આવેલ. મહાપ્રસાદના સમાજના મોટી સંખ્યામાં જ્ઞાતિજનોએ ભાગ લીધો હતો. રાત્રી દરમ્યાન ગરબાનો ઝાગમઝોળ કાર્યક્રમ સમાજની બહેનોએ ગરબાની મોડી રાત સુધી રમઝટ બોલાવી હતી. આ કાર્યક્રમમાં સમાજની બધી પાંખો હિંગળાજ બેંક, ઓધારી માતાજી મંદિર ટ્રસ્ટ, મોડાસા પ્રદેશ ભાવસાર સમાજ, યુવક મંડળ અને હિંગળાજ મહિલા મંડળની બહેનો સહિતનાઓએ કાર્યક્રમને સફળ બનાવવા સારી એવી જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં જ્ઞાતિજનો ઉમટી પડ્યા હતા.

